શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૨૪
અંક : ૧

## શાળા સંચાલન અને શિક્ષણના મુદ્દાઓ પર જિલ્લા સ્તરે પરામશ

અમેરિકન ઇન્ડિયા ફાઉન્ડેશન (બયા ) ના સહયોગથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર સંચાલીત લર્નિંગ એન્ડ માઈગ્રેશન પ્રોગ્રામ અંતર્ગત જીલ્લા સ્તરે સ્થળાંતર પ્રભાવિત સમુદાયના બાળકોના શાળા સંચાલન અને શિક્ષણના મુદ્દાઓ પર પરામર્શના કાર્યક્રમનુ આયોજન તા. ૭/૧/૨૦૨૨ ના રોજ કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમની શરૂઆત સંસ્થાના નિયમાનુસાર પ્રાર્થના તથા દીપ પ્રાગટયથી થઈ. સંસ્થાના ડાયરેકટર શ્રી ધીરજભાઈ વાગડિયાએ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર તથા અમેરિકન ઇન્ડિયા ફાઉન્ડેશન (AIF) ના કાર્યનો પરિચય આપ્યો. લર્નિંગ એન્ડ માઈગ્રેશન પ્રોગ્રામ (LAMP) વર્ષ ૨૦૧૩થી શરૂ કરવામાં આવ્યો ત્યારથી કરેલ સર્વે, તેમાથી મળેલ પરિણામો, તેની કામગીરીની વિગતવાર ચર્ચા કરી તેમજ સંસ્થાની કામગીરી દરમિયાન ઉભા થયેલ પડકારો અને સમસ્યાઓને ઉપસ્થિત સહભાગીઓ સમક્ષ માર્ગદર્શન અર્થે રાખી.

### પરામર્શના મુદ્દાઓ :

સ્થળાંતર.
ઓનલાઈન શિક્ષણ.
શિક્ષણની ગુણવતા.




**સહનશીલતા સદગુણોનો આધાર સ્તંભ છે.**

કન્યા કેળવણી.
SMC શાળા કક્ષાની બેઠક.
SMC ની રચના.
ગેપ વિશ્લેષણનો અભાવ.

આ પડકારો અને સમસ્યાઓ પર પેનલ ચર્ચા માટે શ્રીમતિ સોનિયાબેન એ. કોટડીયા (તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી – બાબરા), શ્રી નીતિનભાઈ ચાવડા (બ્લોક રિસોર્સ સેન્ટર – બાબરા), શ્રી કુલદિપભાઈ દેવમુરારી (બ્લોક રિસોર્સ સેન્ટર – અમરેલી), શ્રી રવજીભાઈ કાચા (શિક્ષણશાસ્ત્રી) તેમજ શ્રી બીપીનભાઈ જોશી (જીવશાસ્ત્રી)ને આમંત્રિત કર્યા. ભારતીબેન બોરડ વ્યવસાયે ડોકટર છે તેઓ બાળસાહિત્ય પર તેમના લખાણો પ્રકાશિત કરે છે. તેમણે બાળકો વિશે તેમજ તેમના પોતાના અનુભવો જણાવ્યા.
પા–પા પગલી યોજનાથી અમરેલી પ્રોજેક્ટના કો–ઓર્ડીનેટર શ્રી વહીદાબેન શૈયર એ પા–પા પગલીની માહિતગાર કર્યા. તેમણે જણાવ્યુ કે તેઓ આંગણવાડીની બહેનોએ બાળકોને અપાતા શિક્ષણની પદ્ધતિને નવી રીતથી શિક્ષણ કઈ રીતે આપવુ તેની તાલીમ આપે છે.
નિવૃત શિક્ષણ શ્રી તરૂલતાબેન વ્યાસ એ તેમના અનુભવો તેમજ બાળકો સાથે એક શિક્ષણના વ્યવહાર વિશે જરૂરી માર્ગદર્શન આપ્યુ. તેમને વર્ષ ૨૦૦૯માં શિક્ષણ ક્ષેત્રે રાષ્ટ્રીય અવોર્ડ એનાયત થયેલ છે.
બાબરા તાલુકાના ચરખા ગામના આચાર્યશ્રી તેજસભાઈ પંડયા, સીઆરસી શ્રી પ્રકાશભાઈ રાઠોડ, પ્રોડયુસર યુનિટ મેનેજર કૌશિકભાઈ પંડયા, લર્નિંગ આસીસ્ટન્ટ વનિતાબેન ભીલ કાર્યક્રમની શરૂઆતથી ચાલી રહેલી પ્રક્રિયાઓમાં જે રજુઆત થઈ તેમજ વ્યકિતગત ચર્ચાઓ પરથી સંસ્થાના કાર્યકરોએ કરેલી નોંધ અનુસાર નિકળી આવેલ બાબતો નીચે મુજબ છે :

- મજુર વર્ગના પરિવારો ખેતીની સારી ઉપજ હોય ત્યાં સુધી રહે છે નહીતર બીજા ગામ કે પ્રદેશમાં સ્થળાંતરિત થાય છે. જેથી બાળકોના શિક્ષણમાં વિક્ષેપ પડે છે.
- વાડી વિસ્તારમાં રહેતા લોકો માટે શાળાનુ અંતર વધુ હોવાથી બાળકો શાળાએ જઈ શકતા નથી.
- ઔદ્યોગિક વિસ્તારમાં કામ કરતા કારીગરોના બાળકો શાળાએ પહોંચી શકતા નથી તેમજ સર્વે દરમિયાન પણ સમય સંજોગો પ્રમાણે મળી શકતા નથી. કન્સ્ટ્રકશન સાઈડ, રેલ્વે લાઈન પર કામ કરતા મજુરોના બાળકોની પણ આ જ પરિસ્થિતિ છે.
- શાળાની ટ્રાન્સપોર્ટશન સુવિધાની પણ મર્યાદા હોવાથી દુરના વિસ્તારો સુધી પહોચતા નથી.
- જંગલ વિસ્તારમાં રહેતા બાળકો શાળાએ નિયમિત હોતા નથી.
- વાલીઓની આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાથી પૈસાની લાલચમાં બાળકોને શાળાએ મોકલતા નથી.
- કપાસ કે અન્ય પાકોની વીણી, લણણી સીજનમાં શાળામાં બાળકોની સંખ્યા ઓછી જોવા મળે છે.

**વિદ્યા સમાન શરીરને શોભાવનાર બીજી કોઈ વસ્તું નથી.**

- વાલીના સ્થળાંતર સાથે બાળકોને પણ જવુ પડતુ હોવાથી ડ્રોપ આઉટ વધુ થાય છે.
- આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે ફોનની સુવિધા ન હોવાથી ઓંનલાઈન સીસ્ટમથી પણ ભણી શકતા નથી.
- જે વિસ્તારમાં સ્થળાંતરિત વાળા પરિવારો હોય ત્યાં બાળકોની ગેરહાજરી વધુ જોવા મળે છે.
- મધ્યાહન ભોજનને કારણે બાળકો વધુ હાજર રહેતા હોય છે. પરંતુ હફઅયમઢક્ષ્ઠ ના લીધે આ કાર્યક્રમ બંધ હોવાથી બાળકોની સંખ્યા ઓછી થતી જાય છે.
- સરકારી શાળામાં બાળકોને ન ભણાવવાની વાલીઓની માનસિકતાને કારણે સરકારી શાળામાં બાળકોની સંખ્યા ઓછી જોવા મળે છે.

બીપીનભાઈ જોશીએ તેમના શિક્ષક તરીકેના અનુભવો કે જે વિદ્યાથી ઓને શીખવામાં મદદરૂપ થાય તે વિષે વાત કરી. કોરોનાના કોપથી બચવાના ઉપાયો જણાવ્યા અને માર્ગદર્શીકાનુ ચુસ્ત પાલન કરવા જણાવ્યુ. નીતિનભાઈ ચાવડાએ શિક્ષણ વિભાગો તેમજ કામગીરીની માહિતી આપી. તેમણે જણાવ્યું કે સમગ્ર શિક્ષા અભિયાન તાલુકાની અંદર અલગ–અલગ ૭ થી ૮ પ્રકારના વિભાગો છે. જેમાં પેનલથી કાર્ય થાય છે. જેમ કે સ્ટેટ, ડીસ્ટ્રીકટ, બ્લોક, કલસ્ટર. સ્થળાંતર કરતા પરિવારના બાળકો માટે STP (સ્પેશિયલ ટ્રેનીગ પ્રોગ્રામ)ના વર્ગો ચાલુ કરવામાં આવ્યા છે. જેમાં સર્વે દ્વારા શાળા બહારના બાળકોને શોધીને તેમની જાણ શાળામાં આચાર્યશ્રીને કરીને જો ૮ થી વધુ બાળકો હોય તો વર્ગો શરૂ કરવા માટે મંજુરી મળે છે. જો ખેતરથી શાળાનું અંતર વધુ હોય તો સીમ શાળા શરૂ કરવામાં આવે છે. બાબરા તાલુકાની ૧૪ શાળા ઓમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ચાલુ



**ચારિત્ર્યનો પાયો સત્કમ છે અને સત્કર્મનો પાયો સત્ય છે.**

છે. જેથી શાળાથી દુર રહેતા બાળકોને શાળાએ પહોચવામાં મુશ્કેલી થઇ શકે નહી. ડ્રોપ આઉટમાં આવતા બાળકો માટે શાળાના આચાર્યશ્રીઓ અને CRC ટીમે સારી મહેનત કરીને બાળકોને ટ્રેક કર્યા. જેથી ૨ વર્ષ પહેલાની પરિસ્થિતિ કરતા અત્યારની પરિસ્થિતિમાં ઘણો સુધારો આવ્યો છે. COVID-19 ને લીધે બાળકોને ૨ વર્ષનો અભ્યાસ ગેપ પડયો છે. તેને ધ્યાનમાં લઈને બાળકોને શાળાએ ૧ કલાક વહેલા બોલાવીને ભણાવવામાં આવે છે. શાળાના શિક્ષકો તેમજ આચાર્યશ્રીઓને ગ્રામજનો અને સરપંચશ્રીનો સારો એવો સહકાર મળે રહે છે જેથી બધાના સહિયારા પ્રયાસો વડે સમસ્યાનું નિરાકરણ લાવવા પ્રયાસો કરી રહયા છે. અંતે તેમને કહયુ કે સંસ્થા શિક્ષણ ક્ષેત્રે સારૂ કામ કરી રહી છે તેમાં જયાં પણ અમારી ટીમના સહયોગીની જરૂર જણાય ત્યાં અમે સહભાગી થવા તૈયાર છીએ.

શ્રીમતી સોનિયાબેન કોટડીયાએ વિદ્યાલક્ષ્મી બોન્ડની માહીતી આપી. જેમાં જો છોકરી ધોરણ ૧ થી ૮ સુધી સારી રીતે ભણીને પાસ થાય તો સરકાર તરફથી ચોક્કસ રકમ પુરસ્કાર રૂપે આપવામાં આવે છે. જો બાળકના વાલી પાસે બાળકના જન્મના કોઈ પુરાવા ન હોય તો બાળક ૫–૬ વર્ષનું થયુ છે તેવા બાળકો માટે મેડીકલ ઓફિસરનુ પ્રમાણપત્ર, આંગણવાડીનુ પ્રમાણપત્ર કે માતા–પિતા દ્વારા લખાવેલ સાદા એફિડેવિટ પર પણ સરકારી શાળામાં એડમીશન મળે છે. તેમણે કહયુ કે સરકારી શાળાનું શિક્ષણ પણ સારૂ છે. અલગ અલગ ભૌતિક સુવિધાઓ વધારીને જુદી–જુદી રીતે શિક્ષણ આપવામાં આવે છે. જેથી સરકારી શાળામાં ન ભણાવવાની વાલીઓની માનસિકતા બદલે. અંતે તેમણે સસ્થાં તમામની મદદથી શિક્ષણક્ષેત્રે કાર્યરત છે તે બદલ આભાર વ્યકત કર્યો.

રવજીભાઈ કાચાએ તેમના શિક્ષણક્ષેત્ર તેમજ જીવનના અનુભવોની વાતો કરી. તેમણે તેમના અનુભવો પરથી કહયુ કે ડ્રોપઆઉટ, આવાગમન, બાળમજુરી, બધાની પાછળ પેટ છે. જયાં સુધી માણસનુ પેટ ભરાશે નહિ, સલામતી લાગશે નહી ત્યાં સુધી આ પ્રશ્નો રહેશે. તેમના બાળકો શા માટે નથી ભણતા એ પ્રશ્નો એનો છે પણ તેમને ભણાવવાનો પ્રયત્ન આપણો છે. આ સમસ્યા સમગ્ર છે. બાળક સાથે તેની વાતો, સમસ્યા સમજવા આપણે પણ તેની જેમ તેની સાથે બાળક બનીને રહેવુ જોઈએ. આપણે સ્વતંત્ર રીતે મનથી જે વ્યવસાય સ્વીકાર્યો છે. તેને પુરા મનથી પુરેપુરો ન્યાય આપવો એ આપણી ફરજ છે. આટલુ આપણે સ્વીકારીએ તો અહીના પ્રશ્નો જે ઉપસ્થિત છે તે કયારેય આપણને નડશે નહી. જો આપણે તેને સાચી રીતે મળ્યા હશો ને તમારો એકાદ વિચાર કે લાગણી કે પ્રેમ એના હૃદયમાં રોપાઈ ગયો હશે તો તે આગળ વધશે. આપણા કાર્યક્ષેત્રમાં જે કંઈ કામ, પ્રવૃતિ આવે તે મનથી, દિલથી અને આનંદથી કરીશું તો આપણા સૌનો પ્રયત્ન સાર્થક થશે.

**સંજોગો તમારૂ સજ ન કરે તેને બદલે તમે સંજોગોનું સર્જન કરો.**

## જળ સુરક્ષા તાલીમ

સ્થળ : ખત્રીવાડા તા. ઉના

તા. ૧૫/ ૧૨/ ૨૦૧૨ થી ૧૪/ ૫/ ૨૦૨૨નાં સમયગાળા દરમિયાન CSPC હેઠળ ઘચો કામગીરી સબબ ગીર સોમનાથ જીલ્લાનાં ઉના અને ગીર ગઢડા તાલુકાનાં ૧૦ ગામોનાં ૮૦ ખેત તલાવડીનાં નિર્માણ માટે ફેગ કરવામાં આવેલ છે. MOU ની જોગવાઈ મુજબ પસંદ કરેલા ૧૦ ગામોમાં ખેડુતો સાથે ૧૦ વોટર સેક્યુરેટી ટ્રેનિંગ કરવી જેમાં ખેડુતોને ડ્રીપ–સ્પ્રીકલર ઈરીગેશનનો મહતમ ઉપયોગ, પાણીની જાળવણી અને સ્ટોરેજ માટેની જાગૃતિ તેમજ કરવામાં આવનાર ખેત તલાવડીની ટેકનીકલ સમજણ ઉપયોગ અને જાળવણી અંગે તાલીમ આપવા જણાવેલ છે. સબબ પ્રથમ તાલીમ તા. ૧૨/૦૧/૨૦૨૨નાં રોજ સાણાવાકીયા ખાતે કરવામાં આવી.

સૌપ્રથમ જીજ્ઞેશભાઈ ગુજ્જરએ સૌને આવકાર્યા અને પાણી અંગે આજની તાલીમ અંગેની પ્રસ્તાવના સમજાવવામાં આવી. જેમાં મુખ્યત્વે નીચેના મુદાઓ સામે આવ્યા,

૧. પાણીનો બચાવ ખુબ જ જરૂરી છે,
૨. વોટર સ્ટોરેજ સંરક્ષણ,
૩. પાણીનાં તળની સ્થિતિ,
૪. ખેતીવાડી ક્ષેત્રે પાણીનો બગાડ અને બચત,
૫. પિયત પદ્ધતિમાં ફેરફાર,
૬. દરિયાઈ પાણીની અસર

બાબતો અંગે તમામને વિચારવા માટે જણાવવામાં આવ્યુ.

ત્યારબાદ પ્રવીણભાઈ જાલંધરા દ્વારા ખત્રીવાડા અને તેની આસપાસનાં ગામો દરિયાથી ખુબ જ નજીક છે. જેથી ખેતી માટેનું ખારૂં પાણી એક સમસ્યા છે તેનો હલ કરવા માટે ઘચો કામગીરી જ સૌથી અગત્યની છે તેની વિસ્તૃત સમજણ આપી ખાસ આવા સંજોગોમાં ખેતી માટે કાર્યક્ષમ ઉપયોગ અને ઘર વપરાશ માટે પાણીનો યોગ્ય ઉપયોગ જ સરળ રસ્તાઓ તેની આપી.

બાદમાં રમેશભાઈ સોલંકીએ CSPC સાથેનાં MOU મુજબ મેં ૧૫ સુધીમાં ૮૦ ખેત તલાવડી પૂરી કરવાની થાય છે તે અંગેની વિગતવાર તાંત્રિક સમજણ આપી. જેમાં

૧. ખેત તલાવડી માટે સ્થળની પસંદગી,
૨. ખેત તલાવડીની માપ, સાઈઝ, પાળા, ઉંડાઈ, ઢાળા, આઉટલેટ, ઇનલેટની માપ સાથે ચર્ચાકરી,
૩. નાણાકીય સહાયનુ ધોરણ, લાભાથી કોન્ટ્રીબ્યુશન,
૪. ખેત તલાવડીનો ઉપયોગ અને માવજત

આ અંગે ખેડુતોનાં ઉપસ્થિત પ્રશ્નોનુ સમાધાન કર્યુ.

પરેશભાઈ સોલંકીએ ખેતીમાં વધુ પડતા પાણીનાં ઉપયોગથી થતાં ગેરફાયદા જેમકે, બિનઉપયોગી જીવજંતુનો વધારો દવા



છંટકાવથી થતું નુકસાનને બદલે પાણી બચત કરીને પણ ખેતીવિષયક ઉત્પાદન લઇ શકાય તેની સમજણ જેવીકે એક પાટલે પિયત, ગ્રીન મલ્ચીંગ, ડ્રીપ, સ્પ્રીન્કલર વગેરેની વિસ્તૃત સમજણ પુરી પાડી.

CSPCમાંથી પધારેલ શ્રી ડી.એન. ઝાલાભાઈએ પાણી અંગેની વિવિધ બાબતો, આગામી સમયમાં પડનારી મુશ્કેલીઓ અને પાણી એ એક જીવન માટે અતિ મહત્વની બાબત છે. તેની સમજણ આપી. ખાસ કરીને ખેતી વિષયક બાબતોમાં પાણીનો કાર્યક્ષમ ઉપયોગ માટે ટેકનોલોજીનો ઉપયોગ થાય અને કોઈ પણ સંજોગોમાં દરિયામાં વહી જતું પાણી રોકાય તે માટે તમામ પ્રકારની ટેકનીક અને ટીપ્સ આપી સાથે સાથે ઘર વપરાશનાં પાણીનો પણ રીચાર્જ થકી ભૂગર્ભ ઉતારવાની નાની નાની પદ્ધતિઓ અંગે સમજણ આપી. ઉપસ્થિત ખેડુતોમાંથી પ્રશ્નોતરીનાં જવાબો આપ્યાં અને ખેત તલાવડીનાં આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ભાગીદાર બનવા માટે ભારપૂર્વક જણાવ્યું.

અંતમાં ધીરૂભાઈ વાગડીયાએ WRM અંતર્ગત CSPC ની મદદથી અગાઉ કરેલ WRMનાં કામોનો વિચાર રજુ કર્યા અને આ પ્રકારનાં થયેલા ફાયદાઓ વિશે જણાવ્યું. તેમજ ચાલું વર્ષમાં કરવાની ખેત તલાવડીની સ્થળ પસંદગી ચોક્કસ ડીઝાઇન મુજબનું કામ થાય અને સમાજ મર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તે અંગે તમામ કાર્યકરો–ખેડૂતોને વિનંતી કરી.

## WRM (ખેત તલાવડી) અંતર્ગત વોટર સેક્યુરેટી ટ્રેનિંગ અહેવાલ

સ્થળ– સાણાવાકીયા તા. ગીર ગઢડા

તા. ૧૫/ ૧૨/ ૨૦૧૨ થી ૧૪/ ૫/ ૨૦૨૨નાં સમયગાળા દરમિયાન CSPC હેઠળ WRM કામગીરી સબબ ગીર સોમનાથ જીલ્લાનાં ઉના અને ગીર ગઢડા તાલુકાનાં ૧૦ ગામોનાં ૮૦ ખેત તલાવડીનાં નિર્માણ માટે MOU કરવામાં આવેલ છે. MOU ની જોગવાઈ મુજબ પસંદ કરેલા ૧૦ ગામોમાં ખેડુતો સાથે ૧૦ વોટર સેક્યુરેટી ટ્રેનિંગ કરવી જેમાં ખેડુતોને ડ્રીપ–સ્પ્રીકલર ઈરીગેશનનો મહતમ ઉપયોગ, પાણીની જાળવણી અને સ્ટોરેજ માટેની જાગૃતિ તેમજ કરવામાં આવનાર ખેત તલાવડીની ટેકનીકલ સમજણ ઉપયોગ અને જાળવણી અંગે તાલીમ આપવા જણાવેલ છે. સબબ પ્રથમ તાલીમ તા. ૧૨/૦૧/૨૦૨૨નાં રોજ સાણાવાકીયા ખાતે કરવામાં આવી.

સૌપ્રથમ જીજ્ઞેશભાઈ ગુજ્જરએ સૌને આવકાર્યા અને પાણી અંગે આજની તાલીમ અંગેની પ્રસ્તાવના સમજાવવામાં આવી. જેમાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓ સામે આવ્યા,

૧. પાણીનો બચાવ ખુબ જ જરૂરી છે,
૨. વોટર સ્ટોરેજ સંરક્ષણ,
૩. પાણીનાં તળની સ્થિતિ,
૪. ખેતીવાડી ક્ષેત્રે પાણીનો બગાડ અને બચત
૫. પિયત પદ્ધતિમાં ફેરફાર,
૬. દરિયાઈ પાણીની અસર

બાબતો અંગે તમામને વિચારવા માટે જણાવામાં આવ્યુ.

ઉપરોક્ત મુદાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં

આવી અને સરવાળે એવુ નક્કી થયુ કે ખપત પુરતું પાણીનો ઉપયોગ થવો જોઈએ અને કોઈપણ રીતે પાણીનો સંગ્રહ કરી જમીનનાં તળ ઉંચા લાવવા જોઈએ. જે માટે નવી નવી ટેકનોલોજીથી પાણીનો બચાવ થાય તેનો ઉપયોગ અને પાણીના ટીપાનો પણ વ્યય ન થાય અને સ્ટોરેજ થઇ જમીનમાં ઉતરવું જોઈએ.

પ્રવીણભાઈ જાલંધરા PU મેનેજર–ધોકડવા એ પાણીનાં બચાવ માટે વોટર ટેંક ક્ષારવાળા પાણીને દુરસ્ત કરીને ઉપયોગ, જમીનના તળને આધારે પાણી રોકવાની ટેકનોલોજી, કુવા રિચાર્જની પદ્ધતિ, ખેતીમાં પિયત પદ્ધતિમાં ફેરફાર કરીને પાણીને બચાવવું અને ઘર આંગણે શોષ ખાડા મારફત પાણી રીચાર્જ અને કાર્યક્ષમ ઉપયોગ કરવો અને પાણીને જો નહીં બચાવવામાં આવે તો આવનાર કપરા દિવસો માટેનો વિચાર રજુ કર્યો. ખાસ એ જણાવ્યું કે કુલ પાણીની ઉપલબ્ધતા સાથે ૯૭% દરિયાનું પાણી, ૨% હિમશીલા અને ૧૦% પાણીની ઉપયોગ ઔદ્યોગિક એકમો માટે વપરાશ થાય છે. આવા સંજોગોમાં ફકત એક જ બાબત એ છે કે પાણીનો બચાવ અને દરિયામાં વહી જતું પાણીને રોકવુ જેનાં માટે સૌ સહિયારા પ્રયાસ કરવો જરૂરી બને છે.

બાદમાં રમેશભાઈ સોલંકીએ CSPC સાથેનાં MOU મુજબ મેં ૧૫ સુધીમાં ૮૦ ખેત તલાવડી પૂરી કરવાની થાય છે તે અંગેની વિગતવાર તાંત્રિક સમજણ આપી. જેમાં

૧. ખેત તલાવડી માટે સ્થળની પસંદગી,

૨. ખેત તલાવડીની માપ, સાઈઝ, પાળા, ઉંડાઈ, ઢાળા, આઉટલેટ, ઇનલેટની માપ સાથે ચર્ચા કરી,

૩. નાણાકીય સહાયનુ ધોરણ, લાભાથી કોન્ટ્રીબ્યુશન,

૪. ખેત તલાવડીનો ઉપયોગ અને માવજત

આ અંગે ખેડુતોનાં ઉપસ્થિત પ્રશ્નોનુ સમાધાન કર્યુ.

પંકજભાઈ સરવૈયા અને જીજ્ઞેશભાઈ ગુજ્જરએ હાલ ખેત તલાવડીનાં સ્થળ પસંદગી અને થયેલ કામગીરીનો અહેવાલ રજુ કર્યો.

અંતમાં ધીરૂભાઈ વાગડીયાએ WRM અંતર્ગત CSPC ની મદદથી અગાઉ કરેલ WRMનાં કામોનો વિચાર રજુ કર્યા અને આ પ્રકારનાં થયેલા ફાયદાઓ વિશે જણાવ્યું. તેમજ ચાલું વર્ષમાં કરવાની ખેત તલાવડીની સ્થળ પસંદગી ચોક્કસ ડીઝાઇન મુજબનું કામ થાય અને સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તે અંગે તમામ કાર્યકરો – ખેડૂતોને વિનંતી કરી.



**જ્યાં બુધ્ધિ શાસન કરે છે, ત્યાં શાંતિમાં વૃધ્ધિ થાય છે.**

**Happy Birthday**

Bhavesh Solanki 06.02.1998
Ankit Kathiriya 11.02.2000

**In this month**

૦૭ શાળા સંચાલન અને શિક્ષણના મુદ્દાઓ પર જિલ્લા સ્તરે પરામર્શ

૧૨ WRM (ખેત તલાવડી) અંતર્ગત વોટર સેક્યુરેટી ટ્રેનિંગ – ખત્રીવાડા, વાંકિયા

૧૫–૨૬ ઈ–શ્રમ કાર્ડ નોંધણી કેમ્પ – ખાંભા, ખડાધાર, બાબરા, ચિતલ

૧૭–૧૯ ખેત તલાવડી માટેની જગ્યા પસંદ કરવામાં આવી.

૧૯ દેખરેખ અને મુલ્યાંકન તાલીમ

૧૯ આંગણવાડી કેન્દ્રમાંબાળકો માટે કીટ વિતરણ

**પ્રિય વાચક મિત્રો,**
આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SskK

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ક્રોધને જીતવા માટે મૌન જેટલું સહાયક બીજું કોઈ નથી.**